પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૧૨૧ ૧૧ જુલાઈ, ૨૦૧૭, મંગળવાર ; અષાઢ વદ - ૨ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# અમરનાથ યાત્રા પર આતંકી હુમલો : ૭ના મોત

## પોલીસ ટીમ પર કરેલા હુમલા વેળા શ્રદ્ધાળુ ફસાયા : ક્રોસ ફાયરમાં શ્રદ્ધાળુઓને લઇને જતી બસ ફસાઈ ગઈ : મૃતકમાં બે ગુજરાતીઓનો પણ સમાવેશ

જમ્મુ, તા.૧૦

પવિત્ર અમરનાથ યાત્રા પર સોમવારે મોડીસાંજે આતંકી હુમલો અનંતનાગ પાસે થયો હતો. ત્રાસવાદીઓના હુમલામાં ૭ ભાવિક પદયાત્રીઓના મોત નિપજ્યા છે. જ્યારે ૮થી વધારે ઈજાગ્રસ્ત બન્યા છે.

જમ્મુ-શ્રીનગર હાઈવે પર અનંતનાગ પાસે ત્રાસવાદીઓના હુમલામાં ૬ ભાવિકોના મોત થતાં દેશભરમાં ભારે ખળભળાટ અનુભવાયો છે. ઈજાગ્રસ્તોમાં ચાર સુરક્ષાદળના જવાનોનો પણ સમાવેશ થાય છે.

મળતી માહિતી મુજબ મૃત્યુ પામનાર ૬માં બે ગુજરાતી શ્રદ્ધાળુઓનો પણ સમાવેશ થાય છે.

જમ્મુ કાશ્મીરના અનંતનાગ જિલ્લાના બાટેંગુ વિસ્તારમાં આતંકવાદીઓએ આજે પોલીસ ટુકડી ઉપર ભીષણ હુમલો કર્યો હતો. દક્ષિણ કાશ્મીરમાં શ્રીનગર-જમ્મુ હાઈવે પર અમરનાથ યાત્રીઓને સુરક્ષા ઉપલબ્ધ કરાવી રહેલી પોલીસ ટીમ ઉપર આ હુમલો કરવામાં આવ્યા બાદ આમા બે અમરનાથ શ્રદ્ધાળુઓના મોત થયા છે.અન્ય કેટલાક શ્રદ્ધાળુ ઘાયલ થયા હોવાના અહેવાલ પણ મળ્યા છે.

બનાવ અંગે માહિતીઆપતા પોલીસ અધિકારીએ કહ્યું છે કે, અમરનાથ યાત્રીઓને ટાર્ગેટ બનાવીને આ હુમલો કરવામાં આવ્યો હતો. પોલીસ ટુકડી ઉપર ત્રાસવાદીઓ દ્વારા હુમલો કરવામાં આવ્યો ત્યારે અમરનાથ શ્રદ્ધાળુઓને લઈને જતી બસ ઉપર પણ ગોળીબાર થયો હતો જેમાં બે અમરનાથ યાત્રીઓના મોત થયા હતા.

અગાઉ જમ્મુ કાશ્મીરના અલગતાવાદી લીડરોને આવરી લેતા ટેરર ફંડિંગ કેસમાં તપાસ કરી રહેલી તપાસ સંસ્થા નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સીએ શ્રીનગરની જામિયા મસ્જિદ અને ઈસ્લામિયા સ્કૂલને નોટિસ ફટકારી છે. આ બંને સંસ્થા હુર્રિયત લીડર મીરવાઈઝ ઉંમર ફારુક સાથે સંબંધ ધરાવે છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, નોટિસ હાલમાં જ મોકલવામાં આવી હતી. પાકિસ્તાન તરફથી ત્રાસવાદી ફંડિંગના સંદર્ભમાં અલગતાવાદીઓની એનઆઈએ દ્વારા આકરી પુછપરછ કરવામાં આવ્યા બાદ આ નોટિસ ફટકારવામાં આવી છે. જામિયા મસ્જિદ દરગાહ અને ઈસ્લામિયા સ્કૂલ શિક્ષણ અને ધર્મની જુની ખીણની સંસ્થાઓ છે.

## ચીનની સેના કાશ્મીરમાં ઘુસી શકે છે : ડ્રેગન

**ડોકલામમાં ભારતના આક્રમક વલણ બાદ ચીન ગિન્નાયું : ભારતીય સેના ચીનના ડોકલામ વિસ્તારમાં ભૂતાનની મદદના નામે ચડી બેઠું છે, પરંતુ હકિકતે ભારત ભૂતાનના નામે ઘુસણખોરી કરી રહ્યું છે**

ન્યુ દિલ્હી/બેઈજિંગ,તા.૧૦

ડોકલામમાં ભારતના આક્રમક વલણને કારણે ચીનને જોરદાર ઝટકો લાગ્યો છે. અને તેની અસરરૂપે ચીન નવા નવા પેંતરાઓ કરી રહ્યું છે. ચીનના થીંક ટેક્કે કાશ્મીરનો મુદ્દો ઉખેળતાં કહ્યું છે કે જો પાકિસ્તાન વિનંતી કરે તો ત્રીજા દેશની આર્મી કાશ્મીરમાં ઘુસી શકે છે. ચીન થેંક ટેક્ક મુજબ ડોકલામ ક્ષેત્રમાં જે રીતે ભૂતાન તરફથી ભારતીય સેનાએ ચીની સૈન્યને રસ્તા બનાવતાં રોક્યાં તેવી જ રીતે ત્રીજા દેશની સેના પણ કાશ્મીરમાં ઘુસી શકે છે.

ચીન વેસ્ટ નોર્મલ યુનિવર્સિટમાં ભારત અધ્યન કેન્દ્રના ડાયરેકટર ચીન સરકારના સત્તાવાર દૈનિક પત્ર ગ્લોબલ ટાઈમ્સના એક લેખમાં સિક્કિમમાં ચાલતા વિવાદને કાશ્મીરના મુદ્દા સાથે સરખાવી વિવાદિત ક્ષેત્રમાં કોઈ ત્રીજા દેશની સેના આવી શકે છે તેમ જણાવ્યું.

લોંગ શીંગચુને જણાવ્યું કે, " ભૂતાનના વિસ્તારમાં જો ભારત મધ્યસ્થી કરતું હોય તો તે અમુક વિસ્તાર પૂરતું જ સીમિત હોવું જોઈએ. વિવાદિત ક્ષેત્રમાં આવી મધ્યસ્થી યોગ્ય નથી.'' લોંગ શીંગચુને લેખમાં વધુ લખ્યું કે, "ભારતના આ પ્રકારનાં અભિગમથી જો પાકિસ્તાન સરકાર વિનંતી કરે તો ત્રીજા દેશની આર્મી ભારત-પાકિસ્તાનના વિવાદિત ક્ષેત્રમાં ઘુસી શકે છે.'' ગ્લોબલ ટાઈમ્સમાં અનેક વખત ડોકલામ મુદ્દે ભારતની નિંદા કરતાં લેખ લખવામાં આવ્યાં છે પરંતુ પ્રથમ વખત પાકિસ્તાન અને કાશ્મીરનો મુદ્દો ઉખેળવામાં આવ્યો છે. લેખમાં ભારતીય વિદેશ

● અનુસંધાન પાન-૭ પર

## ગુજરાત ચૂંટણીમાં VVPATનો ઉપયોગ કરવા ચૂંટણી પંચ તૈયાર

નવી દિલ્હી,તા. ૧૦

ગુજરાત અને હિમાચલ પ્રદેશની આગામી વિધાનસભાની ચૂંટણીમાં ૧૦૦ ટકા વોટર વેરિફિએબલ પેપર ઓડિટ ટ્રેલ અથવા તો વીવીપેટનો ઉપયોગ કરવામાં આવનાર છે. ચૂંટણી પંચ દ્વારા આ અંગેની તૈયારી હાથ ધરી છે. ચૂંટણી પંચ આ બાબતની તૈયારીમાં છે કે તમામ વિધાનસભા અથવા તો લોકસભા સીટના કેટલાક ચોક્કસ પોલિંગ સ્ટેશન પર વીવીપેટ સ્લિપ્સની ગણતરી કરવામાં આવે. જો કે ચૂંટણી પંચના પ્રાથમિક મુલ્યાંકન મુજબ આ પ્રકારની નવી વ્યવસ્થા અમલી કરવામાં આવ્યા બાદ ચૂંટણીના પરિણામ જાહેર કરવામાં ત્રણ કલાક સુધીનો વિલંબ થઈ શકે છે. પંચના સુત્રોએ કહ્યુ છે ક સંપૂર્ણપણે વીવીપેટ પર આધારિત ચૂંટણી અને કેટલાક પોલિંગ સ્ટેશન પર સ્લિપ્સની ગણતરીને લઈને રચાવામાં આવેલી સમિતી કેટલાક પાસા પર વિચારણા કરી રહી છે. આ સમિતી આ બાબત પર પણ વિચારણા કરી રહી છે કે આ સ્લિપ્સની ગણતરી ક્યારે કરવામાં આવે. ચૂંટણી પંચના એક અધિકારીએ માહિતી આપતા કહ્યુ છે કે જો આની ગણતરી પહેલા કરવામાં આવે તો પરિણામ આવવામાં વિલંબ થઈ શકે છે. હાલમાં ઈવીએમ પર ગણતરી શરૂ કરવામાં આવ્યા બાદ અડધા કલાકમાં પ્રવાહ મળવાની શરૂઆત થઈ જાય છે. જો કે નવી વ્યવસ્થાને પણ ધ્યાનમાં લેવામાં આવ્યા બાદ પરિણામ જાહેર થવામાં અને પ્રવાહ આવવામાં વિલંબ થઈ શકે છે. નિષ્ણાંત લોકોનુ કહેવુ છે કે જો આ પેપર સ્લીપ્સ ની ગણતરી ઈવીએમ કાઉન્ટ બાદ કરવામાં આવે છે તો ચૂંટણી પરિણામ જાહેર કરવામાં ત્રણ કલાકનો સમય લાગી શકે છે.

● અનુસંધાન પાન-૭ પર





for Registration of
LED streetlights complaints in
Gandhinagar City Contact :
Energy Efficiency Services Limited
Mobile No. : 7434800088
Email : gandhinagar.led@gmail.com
Office : 309/A, 3rd Floor, Infocity Supermall-1, Infocity, Gandhinagar

કપલ / ફેમીલી LTC પ્રવાસો
આંદામાન-નિકોબાર
હેવલોક-નીલ આઇલેન્ડ
સ્પે. કેરાલા મુન્નાર-થેકડી
દાર્જીલીંગ ગંગટોક-પેલીંગ
સિમલા મનાલી-ડેલ-અમૃત
ભુતાન પારો-થિમ્પુ-પુનાખા
કુર્ગ-કબિની વાયનાડ-હસન
નૈનિતાલ કોર્બેટપાર્ક-મસૂરી
Since 1951
નૂતન ટ્રાવેલ્સ
કરીશ્મા, સ્ટેડીયમ સર્કલ, સી. જી. રોડ, અમદાવાદ
મો.૯૪૨૭૪૫૫૨૭૪/૯૪૦૮૬૪૩૭૫૬/૯૮૯૮૦૨૩૯૫૫

